# સુરત ના મે. જયુડી..મેજી.ફ.ક. સાહેબશ્રી (રેલ્વે) ની કોર્ટ માં ,

# મુ. સુરત

ફોજદારી કેસ નં.– ૧૧૭૪૧/૨૦૨૨

આંક નંબર :–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : વાસીમ અહમદ સૈયદ રહે. બલઈ, હરીયાણા

ગુનો : આર.પી.યુ.પી. એકટ ની કલમ–૩ મુજબ

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ આંક– ૧ વાળી ફરીયાદ મા જણાવેલ હકીકત મુજબ આર.પી.યુ.પી. એકટ ની કલમ–૩ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું આંક – ૧ વાળુ ચાર્જશીટ (ફરીયાદ) અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) હાલના કામની ફરીયાદ દાખલ થતાં તેમજ આ કામના ફરીયાદી પબ્લીક ઓફીસર હોવાના કારણે, હાલના આરોપીઓ વિરૂધ્ધ આર.પી.યુ.પી. એકટ ની કલમ–૩ મુજબના ગુનાના સમન્સ ઈસ્યુ કરતાં, આરોપી ઓ તેમના વ.શ્રી.સાથે હાજર થતાં, તેઓને ફરીયાદની નકલ આપવામાં આવેલ. આરોપી ઓ સામેનો કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨(એકસ) મુજબ વોરંટ ટ્રાયેબલ કેસ છે. આથી ક્રીમીનલ પ્રોસીજર કોડ ના પ્રકરણ ૧૯ માં જણાવ્યા મુજબની કાર્યવાહી અદાલત ધ્વારા કરવામાં આવેલ છે. સદર કામે આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવતા પહેલા ફરીયાદી નો ચાર્જ નો પુરાવો લેવો જરુરી છે પરંતુ હાલના કામે આરોપીઓ ના ઓ તરફે રજુઆત છે કે તેઓ ચાર્જ ને ઈનવાઈટ કરે છે અને તેઓ ની સામે તહોમતનામુ ફરમાવવામાં આવે તો તેઓ ને વાંધો નથી. આ હકીકત જાહેર કરતી પુરીસીસ આરોપીઢ નાઓ તરફે રજુ કરવા માં આવેલ છે. આમ આરોપીઓ ની તરફે ની રજુઆત તથા તેઓ ની આ પુરસીસ ધ્યાને લઈ ને આરોપી ઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવી અને તે અનુસં

ધાને આરોપી ઓ ની પ્લી લેવામાં આવેલ છે. જેમા આરોપી ઓ એ તેઓ એ ગુનો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે. આરોપી ઓ એ તેઓ ના વિ.વ.શ્રી ની હાજરી માં અત્રે ની કોર્ટ રૂબરૂ તે પણ જણાવેલ છે કે આ ગુનો તેઓ સ્વૈચ્છા એ કબુલ કરેલ છે અને તેઓ ને આ ગુનો કબુલ કરવા સારુ કોઈ ના મારફતે દબાણ કરવા માં આવેલ નથી. વધુ માં આરોપી ઓ તરફે આ ગુનો કબુલ છે તે જાહેર કરતી પુરસીસ પણ રજુ કરવા માં આવેલ છે. વધુ માં આરોપી ઓ તરફે રજુઆત છે કે તેઓ ને ગુનો કબુલ છે, તેઓ ગરીબ વર્ગનાં, કુટું બ કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી માંડમાંડ તેઓનાં કુટુંબનું ભરણપોષણ કરે છે, જેથી દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ છે.

(૩) આરોપીઓ ને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ મંજુર હોય, જે કબુલાત ન માનવાને કારણ નથી. આરોપીઓ ની કબુલાત પુરશીશ ની હકિકતો તથા આરોપીની અન્ય મૌખિક રજુઆતો ધ્યાને લેતા, આરોપીઓ ને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સજા સંદર્ભે આરોપીઓ ની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમા લેતા, આરોપીઓ કુટુંબનો આધાર સ્તં ભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામા આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે , આરોપીઓ ના કથીત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનો ને થનાર હોય, આરોપીઓ એ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહીં બને તેમ જણાવતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામા આવેલી રજૂઆતોને લક્ષમા લેતા, તેમજ નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાના નં.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા , જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહુ ચુકાદા થી પ્રસ્થાપિત સિધ્ધાંત આરોપી ના કેસની હકીકતો ને લાગુ પડે છે. જેથી ,આરોપીઓ ની સ્થિતી અને સં જોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના

વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા કરવી જોઈએ તેમ અત્રે ની અદાલત નમ્રપણે માને છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબના કારણોસર આરોપીઓ ને કાયદામાં ઠરાવેલ શિક્ષા નહીં કરતા હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ ફલીત થતુ હોય, જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –::– આખરી હુકમ– ::–

(૧) આ ગુના ના ઉપરોકત આરોપી ના ઓ ને આર.પી.યુ.પી. એકટ ની કલમ–૩ મુજબના ગુના માં તકસીરવાન ઠરાવી, ગુના સબબ દરેક આરોપી ના ઓ એ રૂા. ૫૦૦૦/– લેખે (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) લેખે નો દંડ ભરવા નો હુકમ કરવા માં આવે છે અને જો દંડ ન ભરે તો એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલ રેલ્વે ઓથોરીટી ના ઓ ને પરત સોપવા નો હુકમ કરવા માં આવે છે.

હુકમ આજ રોજ રોજ સ્પેશીયલ સીટીંગ જજ તરીકે વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૨/૧૧/૨૦૨૨

(ભરતકુમાર મનમોહનભાઈ પરમાર)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ(રેલ્વે)
સુરત
કોડ નં. જીજે૦૧૩૪૮